- MSME એકમોએ તેમના ઉદ્યોગની જરૂરિયાત પ્રમાણેની તેમની પ્રોડક્ટ/પ્રોસેસ માટે માન્યતા પ્રાપ્ત સંસ્થા પાસેથી યોગ્ય ટેક્નોલોજી વસાવવા માટે કરવામાં આવતા ખર્ચના ૬૫% લેખે મહત્તમ રૂ. ૫૦.૦૦૦ લાખ બે વર્ષની રોયલ્ટી સાથે સહાય મળવાપાત્ર છે.
- સહાય મેળવવા માગતા એકમ ટેક્નોલોજી પ્રોવાઈડર સાથે MOU કર્યા બાદ MSME કમિશનર કચેરીની પૂર્વમંજૂરી મેળવાની જરૂરી છે.
- આ યોજનાનો નવા/હયાત એકમો લાભ લઈ શકે છે.
- આ યોજના અન્વયે ખરીદ કરેલ પ્લાન્ટ અને મશીનરી તથા ઈક્વિપમેન્ટ માટે સહાય મળવાપાત્ર નથી.




- પેટન્ટેડ ટેક્નોલોજી ભારત અથવા ફોરેન કંપની પાસેથી વસાવવામાં આવશે તો તે માન્ય ગણાશે.

**Scheme-7 પેટન્ટ રજિસ્ટ્રેશન સહાય યોજના**

- વ્યક્તિગત/કાયદેસર માન્યતા ધરાવતા એકમો સહાયપાત્ર થાય છે.
- ૭૫% લેખે રૂ. ૨૫ લાખની મર્યાદામાં ડેવલપ કરેલ પ્રોડક્ટના પેટન્ટ રજિસ્ટ્રેશન માટે કરેલ ખર્ચ માટે સહાય મળવાપાત્ર છે.
- પેટન્ટ મેળવવા માટે પેટન્ટ એર્ટની, પેટન્ટની સેવા કેન્દ્રને ચૂકવેલી ફી, પેટન્ટ રજિસ્ટ્રેશન અને પેટન્ટ વિકસાવવા માટે ખરીદ કરેલ ઈક્વિપમેન્ટ (પ્રવાસ, હોટલના ખર્ચ સિવાય) માટે કરેલ ખર્ચ સહાયપાત્ર છે.
- ભારતીય પેટન્ટ માટે રૂ. ૫૦.૦૦૦/- અને ઈન્ટરનેશનલ પેટન્ટ માટે ૨.૨.૦૦ લાખ ૭૫% કોસ્ટની મહત્તમ મર્યાદામાં ફી માટે સહાય મળશે.
- પેટન્ટ પબ્લિકેશન/નોટિફિકેશન થયાના એક વર્ષમાં સહાય મેળવવા માટે અરજી કરવાની રહે છે. એક વર્ષ બાદ કરેલ અરજી સહાયપાત્ર નથી.



## Scheme-8 એનર્જી એન્ડ વોટર કન્ઝર્વેશન સહાય

- MSME એકમમાં એનર્જી એન્ડ વોટર કન્ઝર્વેશનનું ઓડિટ માન્યતા પ્રાપ્ત સંસ્થા/કન્સલ્ટન્ટ દ્વારા કરવામાં આવે તો એનર્જી અને વોટર કન્ઝર્વેશન ઓડિટની કિંમત ૭૫% લેખે મહત્તમ રૂ. ૫૦.૦૦૦/-ની મર્યાદામાં પરત ભરપાઈ (Reimbursement) નો લાભ મળી શકે છે.
- યોજનાના સમયગાળામાં ફક્ત એક જ વાર વીજળી અને પાણી વપરાશમાં ઘટાડો કરવા માટે ઓડિટ સંસ્થાએ ભલામણ કરેલ નવાં સાધનોની કિંમતના ૨૫% લેખે મહત્તમ રૂ. ૨૦.૦૦ લાખની મર્યાદામાં સહાય મળી શકે છે.
- આ યોજના અન્વયે એનર્જી ઓડિટ કરાવ્યા અગાઉના ૧૨ માસની સરખામણીમાં એનર્જી અને વોટર કન્ઝર્વેશનમાં માસિક ઓછામાં ઓછી ૧૦% બચત થતી હશે તો જ સહાય મળશે.

## Scheme-9 SME EXchange દ્વારા કેપિટલમાં વધારો કરવાની સહાય

- રાજ્યના MSME એકમો SEBIની ગાઈડલાઈન પ્રમાણે SME એક્સચેન્જનાં રજિસ્ટ્રેશન કરાવી પોતાની મૂડીમાં વધારો કરશે તો આવા એકમોને સહાય મળવાપાત્ર છે.
- SME એક્સચેન્જ મારફત કરેલ ખર્ચના ૨૫% લેખે રૂ. ૫.૦૦ લાખ સહાય યોજનાના સમયગાળામાં ફક્ત એક વાર મળવા પાત્ર થશે.
- એકમો લિસ્ટિંગ થયા તારીખથી એક વર્ષમાં સહાય મેળવવા માટે અરજી કરવાની રહે છે. એક વર્ષ બાદ કરેલ અરજી સહાયપાત્ર નથી.
- રજિસ્ટર્ડ SMEમાં GCFL ઇક્વિટી કરી શકશે.

## Scheme-10 CGTMSE ફીના ચુકવણા અંગે સહાય

- ઉદ્યોગસાહસિકોને MSME એકમ સ્થાપવા માટે રૂ. ૨ કરોડની લોન સમાંતર જામીનગીરી વગર (કોલેટરોરલ સિક્યુરિટી) મેળવી શકે તે માટે બેંકને ચુકવવાની થતી ગેરન્ટી ફીનું પૂરેપૂરી રીફંડ.
- પ્રથમ વર્ષે ૧.૮% મહત્તમ, + રિસ્ક પ્રિમિયમ
- બીજા વર્ષથી ૦.૮૫% મહત્તમ
- CGTMSE ફી પાંચ વર્ષ માટે સહાય મળવાપાત્ર છે.

## Scheme-11 માંદા એકમોના પુનર્વસનની સહાય યોજના

- RBI ગાઈડલાઈન મુજબ માંદા એકમની વ્યાખ્યામાં આવતા MSME એકમે MSME કમિશનરશ્રીની કચેરીને અરજી કરવાની રહેશે અને બેલેન્શીટ મુજબ સ્કૂટિનાઈઝ કરવામાં આવશે.
- MSME કમિશનરશ્રીની કચેરી દ્વારા સિક એકમ તરીકે રજિસ્ટ્રેશન આપવામાં આવશે.
- સિક યુનીટ રજિસ્ટ્રેશન થયાનીરાજ્ય સરકાર તરફથી ફરજિયાત સહાય/OTS આપવા પાત્ર બનતું નથી.
- પરંતુ બેંક દ્વારા/ફાઈનાન્સિયલ ઇંસ્ટિટ્યૂશન પોતાની પોલિસી મુજબ સહાય આપી શકશે.
- ડાયગ્નોસીસ રિપોર્ટનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે એકસ્પર્ટ/એકસ્પર્ટ એજન્સીને ચૂકવેલ રકના ૫૦% લેખે





રૂ. ૧.૦૦ લાખ સહાય મળવાપાત્ર થાય છે.

**Scheme-12 પાવન કનેક્શન ચાર્જિસ સહાય યોજના**

- ડિસ્ટ્રિબ્યૂશન લાઈસન્સ ફોર HT/LT સર્વિસ લાઈન કનેક્શન ચાર્જિસના ૩૫% સહાય રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.
- HT/LT સર્વિસ લાઈન કનેક્શન ચાર્જિસ ફી ભર્યાના એક વર્ષમાં સહાય મેળવવા માટે અરજી કરવાની રહે છે. એક વર્ષ બાદ કરાયેલ અરજી સહાયપાત્ર નથી.

**Scheme-13 રેન્ટ સહાય યોજના (MSEs એકમો માટે જ)**

- જે એકમની વ્યાજ/કેપિટલ સહાય મંજૂર થયેલ હોય તેવા એકમોને ૬૫% લેખે પ્રતિવર્ષ મહત્તમ રૂ. ૧.૦૦ લાખની મર્યાદામાં પાંચ વર્ષ માટે રેન્ટ સહાય મળવાપાત્ર થશે. મેન્યુફેક્ચરિંગ કરતા ને વીજળીનો વપરાશ કરનાર એકમ જ સહાય મળવાપાત્ર થાય છે.



- શેડ ભાડે આપનાર માલિકની કાયદેસરની માલિકી તથા કબજો હોય તેવા જ શેડ પાત્ર થશે.
- ભાડે રાખ્યા તારીખથી અથવા ઉત્પાદન તારીખથી ત્રણ મહિના પહેલાં બંનેમાંથી જે પાછળ હોય તે તારીખથી સહાય મળવા પાત્ર થશે.
- સેવાકીય/ટ્રેડિંગ એકમને આ યોના અન્વયે લાભ મળવા પાત્ર નથી.



**ખાસ નોંધ :**

ઉક્ત દર્શાવેલ યોજનાકીય માહિતી રાજ્ય સરકારની વખતોવખતની નીતિને આધીન છે. ઉપરોક્ત દર્શાવેલ માહિતી કાયદાકીય અર્થઘટન માટે નથી. તમામ યોજનાની સંક્ષિપ્ત માહિતી ફક્ત માર્ગદર્શન અને સમજ માટે તૈયાર કરેલ છે. તે કાયદાકીય રીતે માન્ય ગણાશે નહિ. જે તે યોજનાના ઠરાવને આધીન લાભ મળવાપાત્ર થશે. હાલની અમલીકરણ હેઠળની તમામ યોજનાઓની વિસ્તૃત માહિતી ઉદ્યોગ કમિશનરશ્રીની વેબસાઈટ www.ic.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.



# *Transactions in Cash & Income Tax*



**CA Rutvij Shah**
Member,
Direct Tax Committee, GCCI

રોકડમાં થતા વ્યવહારો એ આપણી અર્થવ્યવસ્થાનું અભિન્ન અંગ છે. ગ્રામીણ અર્થવ્યવસ્થા, નિરક્ષરતા અને બેંકોની મર્યાદિત પહોંચ જેવાં કારણોના કારણે આપની અર્થવ્યવસ્થામાં રોકડમાં થતા વ્યવહારોનું પ્રમાણ વધારે છે. રોકડમાં થતા વ્યવહારોના કારણે કાળાં નાણાંનુ ચલણ વધે છે, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે છે તેમજ સરકારને થતી કરની આવકમાં નુકસાન થાય છે. રોકડમાં થતા વ્યવહારો ઉપર અંકુશ મૂકવા માટે સરકારે આવકવેરાના કાયદામાં કેટલીક જોગવાઈઓ કરેલ છે. અમુક જોગવાઈઓ રોકડમાં થતા વ્યવહારો ઉપર અંકુશ મૂકે છે અથવા તો તેમને પ્રતિબંધિત કરે છે. જ્યારે અમુક જોગવાઈઓ રોકડ સિવાયના વ્યવહારોને પ્રોત્સાહન આપે છે, જેથી રોકડમાં થતા વ્યવહારોનું પ્રમાણ ઓછું થાય. અહીં આપણે આવકવેરાના કાયદામાં આવેલ રોકડમાં થતા વ્યવહારો અંગેની વિવિધ જોગવાઈઓ વિશે સમજીશું.

**રોકડના વ્યવહારો ઉપર પ્રતિબંધ મૂકતી જોગવાઈઓ**

**રોકડમાં થતો ખર્ચ [Section-૪૦A(૩), ૪૦A (૩A) and Explanation 3 to Section-11(1)]**

ખર્ચ પેટે એક દિવસમાં એક વ્યક્તિને થતી ચુકવણી જો રૂ. ૧૦,૦૦૦/- થી વધે તો આ રકમ નફાની ગણતરી કરતી વખતે ખર્ચ પેટે બાદ આપવામાં આવતી નથી. માલના પરિવહન (ટ્રાન્સપોર્ટ) માટે જો રકમ ચૂકવવામાં આવે તો આ મર્યાદા રૂ. ૩૫,૦૦૦/- ની છે. આ જોગવાઈ દરેક ધંધો કરતી વ્યક્તિ તેમજ દરેક સખાવતી સંસ્થા (ચેરિટેબલ ટ્રસ્ટ) ને લાગુ પડે છે. દા.ત.

૧. હોટલમાં રહેવા માટે કરેલ એકસાથે અથવા એક દિવસમાં ૧૦,૦૦૦/- થી વધારે ચુકવણી

૨. મોટરકારની સર્વિસ માટે કરેલ એકસાથે અથવા એક દિવસમાં ૧૦,૦૦૦/- થી વધારે ચુકવણી.

**રોકડમાં ખરીદેલી મિલકત ઉપરના ઘસારા ઉપર પ્રતિબંધ [Section-43(1)]**

મિલકતની ખરીદી કરવા માટે જો એક દિવસમાં એક વ્યક્તિને રૂ. ૧૦,૦૦૦/-થી વધારેની ચુકવણી કરવામાં આવે તો આવી મિલકત ઉપર ઘસારો બાદ મળતો નથી. દા.ત. એમેઝોન ઉપરથી કરેલ મોબાઈલની ખરીદી કે જેના માટે રૂ. ૧૦,૦૦૦/- થી વધારે રકમ રોકડમાં ચૂકવેલ હોય.

**રોકડમાં લોન, ડિપોઝિટ કે મિલકત વેચાણના અવેજ લેવા ઉપર પ્રતિબંધ [Section-269SS]**

કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી રોકડમાં રૂ. ૨૦,૦૦૦/- કે તેથી વધારે રકમની (અગાઉની બાકી સાથે) લોન કે ડિપોઝિટ લઇ ના શકે. આ જોગવાઈ મિલકત વેચાણ પેટે મળતા અવેજને પણ લાગુ પડે છે. જો આ જોગવાઈનો ભંગ થાય તો આ લોન, ડિપોઝિટ કે મિલકત વેચાણ પેટે મળેલા અવેજની રકમ જેટલી રકમનો દંડ થઇ શકે છે. દા.ત.

૧. ચમને મગન પાસેથી રૂ. ૧૦,૦૦૦/- ની લોન લીધેલ હતી. હવે જો તે બીજા રૂ. ૧૦,૦૦૦/-ની લોન રોકડમાં લે તો તે ઉપરની જોગવાઈનો ભંગ કરશે અને રૂ. ૧૦,૦૦૦/- ના દંડને પાત્ર થશે.

૨. જો ચમન જમીનના વેચાણના બાનાપેટે રૂ. ૫,૦૦,૦૦૦/- રોકડમાં સ્વીકારે તો તેઓ આ જોગવાઈનો ભંગ કરશે અને રૂ. ૫,૦૦,૦૦૦/-ના દંડને પાત્ર થશે.



PASHUPATI



PASHUPATI GROUP
GROWTH WITH VISION

A platform where innovation, dedication,
& optimism converge into **SUCCESS...**



TEXTILE

PASHUPATI
FARM TO FASHION

SPINNING TOGETHER TO SUCCESS

• Ginning • Oil Mill • Delinting • Spinning • TFO • Weaving
• Warehouse (3.5 lac sq.ft.) • Solar Roof Top (2.7MW)



PHARMACEUTICAL

uniza™ HEALTHCARE LLP -Marketing Division

• Dermatology • Respiratory
• Anti infective • Gastroentrology

uniza™ LIFECARE PRIVATE LIMITED-Manufacturing Division

• WHO-GMP certified
• Tablets • Capsules • Topical preparations.



HOSPITALITY

श्री Hotel
WELCOME

WHERE "UNIQUE HOSPITALITY" is our motto.

• ROOMS • RESTAURANT
• CONFERENCE • BANQUET (UPTO 1000 Guest Capacity)

O : D-707, Ganesh Meridian, Opp. Gujarat High Court, S.G.highway, Ahmedabad-380060
F : Kadi-Detroj road, Balasar, Ta : Kadi-382715, Gujarat, India
W : www.pashupatigroup.in • www.unizagroup.com • www.hotelwelcome.in

### રોકડમાં લોન, ડિપોઝિટ કે મિલકતના વેચાણના અવેજને પરત કરવા ઉપર પ્રતિબંધ [Section-269T]

કોઈ પણ વ્યક્તિએ બીજી વ્યક્તિ પાસેથી લીધેલી લોન કે ડિપોઝિટની રકમ જો રૂ. ૨૦,૦૦૦/- (અગાઉની બાકી સાથે) કે તેથી વધુ હોય તો આવી લોન કે ડિપોઝિટ રોકડમાં પરત ન કરી શકે. આ જોગવાઈ મિલકત વેચાણ પેટે મળતા અવેજને જો પરત કરવામાં આવે તો તેને પણ લાગુ પડે છે. જો આ જોગવાઈનો ભંગ થાય તો પરત કરવામાં આવેલ લોન, ડિપોઝીટ કે મિલકત વેચાણ પેટે મળેલા અવેજ જેટલી રકમનો દંડ થઇ શકે છે. દા.ત. ચમને મગન પાસે થી રૂ. ૫૦,૦૦૦/- ની લોન લીધેલ હતી. તેમાંથી તે રૂ. ૧૦,૦૦૦/- ની લોન પરત કરવા માંગે છે. જો આ રૂ. ૧૦,૦૦૦/- રોકડમાં ચૂકવે તો તે ઉપરોક્ત જોગવાઈનો ભંગ કરશે અને રૂ. ૧૦,૦૦૦/- ના દંડને પાત્ર થશે.



### રોકડ સ્વીકારવા ઉપર પ્રતિબંધ [Section-269ST]

કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી રોકડમાં એક દિવસમાં રૂ. ૨,૦૦,૦૦૦/- કે તેથી વધારે સ્વીકારી શકે નહિ. આ પ્રતિબંધ એક ઘટના કે પ્રસંગ પેટે મળવાપાત્ર થતી રકમને પણ લાગુ પડે છે. આ જોગવાઈનો ભંગ થાય તો જે રકમ સ્વીકારવામાં આવી હોય તેટલી રકમ જેટલો દંડ થઇ શકે. (હાલમાં દવાખાનાંઓને કોરોનાની સારવાર માટે રૂ. ૨,૦૦,૦૦૦/-થી વધારે રોકડમાં સ્વીકારવાની મંજૂરી આપવામાં આવી છે. આ માટે તેઓએ દર્દી અને રકમ ચૂકવનારનું પાનકાર્ડ અથવા આધારકાર્ડ મેળવવું પડશે અને આ છૂટ તા. ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૦૫-૨૦૨૧ના સમય માટે રહેશે.) દા.ત.

૧. મગને ચમનને છેલ્લા મહિનામાં ૫ અલગ અલગ બિલથી રૂ. ૨,૧૦,૦૦૦/-નો માલ વેચેલ હતો. વ્યક્તિગત રીતે એક પણ બિલ રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધારે રકમનું નહોતું. હવે આ પેટે ચમન મગનને એકસાથે રૂ. ૨,૧૦,૦૦૦/- રોકડા આપવા માગે છે. જો મગન આ રકમ સ્વીકારે તો તે આ જોગવાઈનો ભંગ કરશે.

૨. એક ઈલેક્ટ્રોનિક સ્ટોરે રૂ. ૨,૫૦,૦૦૦/-નું ટીવી વેચ્યું છે. આ વેચાણ પેટે તેઓ રૂ. ૨,૦૦,૦૦૦/- કે તેથી વધારેની રકમ રોકડમાં લઇ શકે નહિ. હવે જો ગ્રાહક બાનાપેટે ૧,૦૦,૦૦૦/- રોકડમાં જમા કરાવે અને બાકીના રૂ. ૧,૫૦,૦૦૦/- ડિલિવરી વખતે રોકડમાં આપવાનું કહે તો ઈલેક્ટ્રોનિક સ્ટોર રૂ. ૧,૦૦,૦૦૦/- સ્વીકારી શકે છે, પરંતુ બાકીના ૧,૫૦,૦૦૦/- તેઓ રોકડામાં નહિ લઇ શકે, કારણ કે આ ચુકવણી એક જ વેચાણ પેટે છે અને જો તેઓ આ રકમ રોકડમાં સ્વીકારે તો કુલ સ્વીકારેલી રકમ રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધી જશે.

**જો રોકડમાં ચુકવણી કરવામાં આવે તો નીચેની કપાતો બાદ મળતી નથી.**

- જો વ્યક્તિ દ્વારા પોતાના કે પોતાના વાલીના કે પોતાના ઉપર નિર્ભર હોય તેવા પરિવારજનના મેડિક્લેમ પ્રીમિયમ અથવા તો સ્વાસ્થ્ય અંગેનો ખર્ચ જો રોકડમાં કરવામાં આવે તો આ ખર્ચો કલમ-૮૦ડી હેઠળ બાદ મળતો નથી. (પ્રિવેન્ટિવ હેલ્થ ચેકઅપ માટે રૂ. ૫,૦૦૦/- સુધીનો ખર્ચ જો રોકડમાં કરેલ હોય તો તે બાદ મળે છે.)
- રૂ. ૨,૦૦૦/- કરતાં વધારે દાનની રકમ જો રોકડમાં ચૂકવવામાં આવે તો આ રકમ કલમ-૮૦S હેઠળ બાદ મળતી નથી.
- રૂ. ૨,૦૦૦/- કરતાં વધારે માન્ય સંસ્થાને કરેલ દાનની રકમ જો રોકડમાં ચૂકવવામાં આવે તો આ રકમ કલમ-૮૦ જીજીએ હેઠળ બાદ મળતી નથી.
- રાજકીય પક્ષને રોકડમાં આપેલ દાન કલમ-૮૦ જીજીબી તથા ૮૦ જીજીસી હેઠળ બાદ મળતું નથી.
- કલમ-૮૦ જેજેએએ હેઠળ નવા કર્મચારીઓને ચૂકવેલ વધારાના પગારના ૩૦% ની કપાત મળે છે. આ કપાત જો



પગાર રોકડમાં ચૂકવેલ હશે તો નહિ મળે.

**રોકડમાં વ્યવહાર ન કરવા માટે પ્રોત્સાહન**

- કલમ-૪૪ એડી હેઠળ વેચાણના ૮% નફો બતાવીને આવકવેરાનું પત્ર (Income Tax Return) ભરવાની જોગવાઈ છે. જો આ વેચાણ રોકડ સિવાય થયું હોય તો ૮%ની જગ્યાએ ૬% જ નફો બતાવી શકાય છે.
- જો વ્યક્તિનું વેચાણ રૂ. ૧ કરોડ થી વધે તો કલમ-૪૪ એડી હેઠળ ચોપડા ઓડિટ કરાવવા પડે છે, પરંતુ જો વ્યક્તિની કુલ આવકમાં રોકડ આવકનો હિસ્સો ૫% કરતાં ઓછો હોય અને કુલ જાવકમાં રોકડ જાવકનો હિસ્સો ૫% કરતાં ઓછો હોય તો વેચાણ ૧૦ કરોડ હોય ત્યાં સુધી ચોપડા ઓડિટ કરાવવાની જરૂર નથી.

**રોકડના વ્યવહારો માટે આવકવેરા ખાતાને જણાવવાની જરૂરિયાત**

- બેંકો દ્વારા હિસાબી વર્ષમાં કુલ ૧૦ લાખ કે તેનાથી વધારાની રકમના રોકડેથી ખરીદાયેલ બેન્કર્સ ચેક, બેંક ડ્રાફ્ટ તથા પે-ઓર્ડરની માહિતી આપવાની હોય છે.
- બેંકોએ જો વ્યક્તિ દ્વારા તેના એક કે વધારે ચાલુ ખાતામાં કુલ ૫૦ લાખ કે તેનાથી વધુ રકમ રોકડમાં જમા કરેલી હોય અથવા તો ઉપાડેલી હોય તો તે માહિતી આપવાની હોય છે. આમાં બેરર ચેકથી જમા કરાવેલી હોય કે ઉપડેલી હોય તો તે રકમની માહિતી પણ મોકલવાની હોય છે.
- બેંકો અને પોસ્ટ ઓફિસે વ્યક્તિ દ્વારા તેના બચતખાતામાં હિસાબી વર્ષ દરમિયાન કુલ ૧૦ લાખ કે તેનાથી વધુ રકમ રોકડમાં જમા કરયેલી હોય તો તે માહિતી આપવાની હોય છે.
- બેંકો, પોસ્ટ ઓફિસ, નિધિ કંપની અને નોન બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓએ વ્યક્તિ દ્વારા ફિક્સ ડિપોઝિટ ખાતામાં હિસાબી વર્ષ દરમિયાન કુલ ૧૦ લાખ કે તેનાથી વધુ રકમ રોકડમાં જમા કરાવેલી હોય તો તે માહિતી આપવાની હોય છે.
- બેન્ક અને ક્રેડિટકાર્ડ કંપનીઓએ જો વ્યક્તિએ તેના ક્રેડિટકાર્ડ ખાતામાં હિસાબી વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કે તેનાથી વધુ રકમ રોકડમાં જમા કરાવેલી હોય તો તે માહિતી આપવાની હોય છે.
- કલમ ૪૪ એડી હેઠળ ઓડિટ કરાવનાર દરેક વ્યક્તિઓએ હિસાબી વર્ષ દરમિયાન માલ કે સર્વિસના વેચાણ પેટે કુલ ૨ લાખથી વધારે રકમ રોકડમાં મળેલ હોય તો તેની માહિતી આપવાની હોય છે.

**અન્ય જોગવાઈઓ**

- જો વ્યક્તિએ એક કે વધારે ચાલુ ખાતામાં હિસાબી વર્ષ દરમિયાન રૂ. ૧ કરોડથી વધારે રકમ રોકડમાં જમા કરાવી હોય તો તેવી વ્યક્તિઓએ આવકવેરાનું પત્રક ભરવું આવશ્યક છે.
- જો વ્યક્તિ દ્વારા તેના કોઈ પણ ખાતામાંથી હિસાબી વર્ષ દરમિયાન કુલ ૧ કરોડથી વધારાની રકમ ઉપાડવામાં આવશે તો બેંક કે પોસ્ટ ઓફિસ દ્વારા ૧ કરોડથી વધારાની રકમ ઉપર ૨% ટીડીએસ કાપવામાં આવશે.

જો આવી વ્યક્તિએ છેલ્લાં ત્રણ વર્ષમાં આવકવેરાનું પત્ર નહિ ભર્યું હોય તો ૨૦ લાખથી વધારાના ઉપાડ ઉપર ૨% તથા ૧ કરોડથી વધારાના ઉપાડ ઉપર ૫% ટીડીએસ કાપવામાં આવશે

**નોંધ:**

અહીં રોકડ શબ્દ સરળ સમજૂતી માટે વાપરેલ છે અને એમાં એકાઉન્ટ પેયી ચેક, એકાઉન્ટ પેયી બેંક ડ્રાફ્ટ કે ઇલેક્ટ્રિક મોડથી ન થયેલ હોય તેવા બધા જ વ્યવહારોનો સમાવેશ થશે.

માન્યતા પ્રાપ્ત ઇલેક્ટ્રિક મોડમાં ક્રેડિટ કાર્ડ, ડેબિટકાર્ડ, નેટ બેંકિંગ, IMPS (Immediate Payment Service), UPI (Unified Payment Interface), RTGS (Real Time Gross Settlement), NEFT (National Electronic Funds Transfer) અને BHIM (Bharat Interface for Money) આધાર પેયનો સમાવેશ થશે.

# *Regional Chambers and other Associations Activities*

## Vadodara Chamber of Commerce & Industry







**COVID-19 Vaccination Camp**

A 3 days COVID-19 Vaccination Camp was organised at VCCI from 1st to 3rd April, 2021 for the benefit of its members, staff, workers & family members. The well-organized Camp with the help of Health department, Vadodara Municipal Corporation, vaccinated a total of 737 persons of the Age 45 years & above.



**Vastu for Industry**

An interesting program on "Vastu for Industry" by Pandit Satish Sharma on 22-3-2021 was organized for Members. Important tips & Vastu principles for a good business were shared with members.





**MOU with i-Hub**

VCCI entered into a Memorandum of Understanding on 18-3-2021 for Collaborative efforts between Industry Chambers and Gujarat Student Start-up and Innovation Hub, i-Hub, an initiative of Education Department, Government of Gujarat to develop a robust start-up ecosystem in the country and to explore opportunities for engaging with Innovators and Start-ups for solutions to industry problems. VCCI will act as a bridge between Academia & Industries.

## સાયબર ક્રાઈમ અટકાવવા માટે માર્ગદર્શન સેમિનાર - તા. ૦૫-૦૩-૨૦૨૧



સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રી દ્વારા ભાવનગર પોલીસ વિભાગ અને શિશુવિહાર સંસ્થાના સહયોગથી સાયબર ક્રાઈમ અવેરનેસ અને પ્રિવેન્શન અંગે શ્રી હિતેશભાઈ ઝાલાનાં એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના પ્રારંભમાં ચેમ્બરના માનદ્ મંત્રીશ્રી કેતનભાઈ મહેતાએ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરેલ.

પ્રાસંગિક પ્રવચનમાં સૌરાષ્ટ્ર ચેમ્બરનાં પ્રમુખશ્રી કિરીટભાઈ સોનીએ દિન-પ્રતિદિન સાયબર ક્રાઈમનું પ્રમાણ વધી રહ્યું છે અને અનેક લોકો તેનો ભોગ બને છે તે હકીકત ચિંતાજનક છે તેવા સમયે આ સેમિનારના માધ્યમથી સાયબર ક્રાઈમથી બચવા માટે ખૂબ જ ઉપયોગી માહિતી અને માર્ગદર્શન મળી રહેશે તેમ જણાવ્યું હતું. લોકડાઉન અને કોરોના મહામારીના સમયગાળા દરમિયાન જે લોકોને કોમ્પ્યુટરની જાણકારી ન હતી તેઓ પણ કમ્પ્યૂટરનો ઉપયોગ કરતા થઇ ગયા છે. કમ્પ્યૂટરનો ઉપયોગ વધવાના કારણે સાયબર ક્રાઈમનું પ્રમાણ પણ વધે છે તેમ પણ તેઓએ જણાવેલ. કાર્યક્રમના મુખ્ય વક્તા અને બોર્ડર રેન્જ પોલીસ સ્ટેશન—કચ્છના ASI શ્રી હિતેશભાઈ ઝાલાએ સાયબર ક્રાઈમ કઈ રીતે થાય છે, તેને કેમ અટકાવવો અને સાયબર ક્રાઈમનો ભોગ બન્યા પછી પોલીસ વિભાગ પાસે જઈએ ત્યારે કઈ કઈ વસ્તુઓ અને માહિતીની જરૂર પડે છે તે અંગેની જાણકારી આપેલ. તેઓએ જણાવેલ કે સાયબર ક્રાઈમની ચોક્કસ વ્યાખ્યા નથી પરંતુ સામાન્ય રીતે કમ્પ્યૂટરનો ઉપયોગ થતો હોય તેમાં સાયબર ક્રાઈમ થાય છે. ઈન્ટરનેટ હોય તો જ સાયબર ક્રાઈમ થાય તેવું નથી. દુનિયામાં દર સેકંડે બાર વ્યક્તિ સાયબર ક્રાઈમનો ભોગ બને છે. લોકડાઉનના સમયગાળામાં સૌથી વધારે સાયબર ક્રાઈમ થયા છે. તેઓએ જણાવેલ કે સાયબર ક્રાઈમ ખાસ કરીને ઈ-મેઈલ, વેબસાઈટ, સોશિયલ મીડિયા અને મોબાઈલના માધ્યમથી થાય છે.

સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો અંગે તેઓએ ટ્રુ-કોલરનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો, બેંકમાંથી બોલુ છું તેવું કહી કોઈ માહિતી માગતા હોય તેવા ફોન આવે તો તેને અવગણવા, કારણ કે વિશ્વની કોઈ બેંક ગ્રાહકને ફોન કરીને કોઇ પણ પ્રકારની માહિતી માગતી નથી. અજાણ્યા વોટ્સએપ ગ્રૂપમાં જોડાવવું નહિ, મોબાઈલ બેન્કિંગમાં કાળજી રાખવી, એકસરખું કામ આપતી બે એપ મોબાઈલમાં રાખવી નહિ વગેરે બાબતો જણાવેલ. સાયબર ક્રાઈમનો ભોગ બન્યા પછી સૌપ્રથમ પોલીસ વિભાગને ૧૦૦ નંબર પર જાણ કરવી, જેથી પોલીસ વિભાગ આ બાબતમાં ત્વરિત કાર્યવાહી હાથ ધરે છે. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ જેમાં ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના ખૂબ જ સંતોષકારક જવાબો શ્રી હિતેશભાઈ ઝાલા દ્વારા આપવામાં આવેલ. આ સેમીનાર રૂબરૂની સાથે ઓનલાઈન પ્લેટફોર્મ ઝૂમ પર પણ રાખવામાં આવેલ, જેમાં વિશાળ સંખ્યામાં લોકો સહભાગી બનેલ.સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી કેતનભાઈ મહેતાએ અને આભારવિધિ ચેમ્બરની વેબિનાર, એક્ઝિબિશન અને સેમિનાર કમિટીના ચેરમેન શ્રી મિતેશભાઈ પટેલે કરી હતી.

## વર્ચ્યુઅલ એક્ઝિબિશન અંગે વેબિનાર - તા. ૧૬-૦૩-૨૦૨૧

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રી દ્વારા નોલેજ સિરીઝ અંતર્ગત આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વક્તા ડૉ. જગત શાહ દ્વારા વર્ચ્યુઅલ એક્ઝિબિશનમાં કઈ રીતે જોડાઈ શકાય અને તેને પોતાના ધંધાના સ્થળે બેસીને સફળતાપૂર્વક કેમ મેનેજ કરી શકાય તે અંગેનો એક વેબિનાર The Art & Science of Participating in a Virtual Expo વિષય અંતર્ગત ચેમ્બર હોલ (૩૧૫, સાગર કોમ્પ્લેક્સ, જશોનાથસર્કલ, ભાવનગર) ખાતે તા. ૧૭-૦૩-૨૦૨૧ના રોજ યોજાયો હતો. આ વેબિનારમાં ગ્લોબલ નેટવર્ક કંપની અને વાઈબ્રન્ટ માર્કેટ્સના સીએમડી શ્રી ડૉ. જગત શાહની સાથે સદર કંપનીના જનરલ મેનેજર શ્રી નિખિલભાઈ શેઠે પણ વિષય અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું.



## સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે ભાવનગર જિલ્લામાં વિહિકલ સ્ક્રેપયાર્ડની સ્થાપના કરવા અંગે વિચાર-વિમર્શ કરવા અંગેનો સેમિનાર યોજાયો. - તા. ૨૫-૦૩-૨૦૨૧



સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભાવનગર જિલ્લામાં વિહિકલ સ્ક્રેપયાર્ડની સ્થાપના અંગે વિચાર-વિમર્શ કરવા અંગે કેન્દ્ર સરકારના રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગ તથા ગુજરાત મેરિટાઈમ બોર્ડના અધિકારીઓ સાથે વિચાર-વિમર્શ કરવા માટે એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રારંભમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કિરીટભાઈ સોનીએ ઉપસ્થિત સૌને આવકારી દિલ્હીથી આવેલી ટીમ વિહિકલ સ્ક્રેપ યાર્ડની સ્થાપનાની શક્યતાઓ અંગેના ફિઝિબિલિટી રિપોર્ટ માટે આવેલ હોવાનો તેમનો હેતુ જણાવેલ. જો ભાવનગર જિલ્લામાં આ યાર્ડની સ્થાપના થાય તો જિલ્લામાં એક નવા ઈતિહાસનો પ્રારંભ થશે તેમ જણાવેલ.

કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગમાંથી આવેલ ટીમના કન્સલ્ટન્ટ શ્રી સુનેશ સપનજીએ આ વાર્તાલાપનો હેતુ ભાવનગર જિલ્લામાં વિહિકલ સ્ક્રેપયાર્ડ સ્થાપવા માટેની શક્યતાઓ તપાસવાનો હોવાનું જણાવેલ. વિહિકલ સ્ક્રેપ માટેની કેન્દ્ર સરકાર દ્વારા પોલિસી તૈયાર થઇ રહેલ છે તે અંગેનાં પણ સૂચનો મેળવી રિપોર્ટ રજૂ કરવાનો છે. હાલમાં જે વાહનો છે તેના ફિટનેસ માટે પોલિસી ઘડવામાં આવી રહી છે, જૂની ગાડીઓના કારણે પોલ્યુશન વધે છે. હાલમાં દેશમાં લગભગ ૧ કરોડ વાહનો રોડ ઉપર ચલાવવા માટે ફિટ નથી છતાં ચાલી રહેલ છે. એપ્રિલ-૨૦૨૧માં કેન્દ્રના પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીજી આ માટે વેબિનાર કરનાર છે. ગવર્નમેન્ટ વિહિકલ ૧૫ વર્ષથી વધારે ચલાવી શકાતાં નથી. જે લોકો જૂની ગાડીઓ વાપરે છે તેમણે વારંવાર રી-રજિસ્ટ્રેશન ન કરાવવું જોઈએ. વાહન સ્ક્રેપ કરાવનારને ઈન્સેન્ટિવ આપવામાં આવશે. વિહિકલ સ્ક્રેપ માટે દેશભરમાં ૫૫ સેન્ટર ઊભા કરવામાં આવનાર છે. હાલમાં જે વાહનો સ્ક્રેપ થાય છે તે અનઓર્ગેનાઈઝ અને મેન્યુઅલી થાય છે.

આ પ્રસંગે કેન્દ્રીય ટીમના શ્રી નિષ્ઠા માનચંદા તથા જીએમબીના અધિકારી શ્રી અતુલ શર્મા ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પ્રકાશભાઈ ગોરસિયાએ કરેલ. આ પ્રસંગે ચેમ્બરના મેનેજિંગ કમિટીના સભ્યો શહેરનાં વિવિધ ઔદ્યોગિક એસોસિયેશનોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના અંતમાં પ્રશ્નોત્તરીનું પણ શેસન રાખવામાં આવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ સૌએ વિહિકલ સ્ક્રેપ યાર્ડની સ્થાપના માટે ભાવનગર જિલ્લો ખૂબ જ યોગ્ય હોવાનું જણાવી આ યાર્ડની સ્થાપના ભાવનગર જિલ્લામાં જ થાય તેવું મંતવ્ય વ્યક્ત કરેલ.

## સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિમંડળે ભાવનગરના વિકાસને વિશેષ ગતિ મળે તે માટે દિલ્હીની રૂબરૂ મુલાકાત લઈ વિસ્તૃત ચર્ચા કરેલ. - તા. ૨૭-૦૩-૨૦૨૧



ચેમ્બરના એક પ્રતિનિધિમંડળે ભાવનગરના વિકાસને વિશેષ ગતિ મળે તેવી બાબતોની ચર્ચા અને નિરાકરણ માટે દિલ્હી ખાતે કેન્દ્રના પોર્ટ, શિપિંગ અને જળપરિવહન મંત્રાલયના મંત્રી તેમજ રાજ્યકક્ષાના મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા તથા સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળની રૂબરૂ મુલાકાત લીધેલ.

ચેમ્બર પ્રતિનિધિમંડળની આ મુલાકાતમાં પ્રમુખ શ્રી કિરીટભાઈ સોની, ઉપપ્રમુખશ્રી તેજસભાઈ શેઠ, માનદ્ મંત્રી શ્રી પ્રકાશભાઈ ગોરસિયા, ચેમ્બરની પોર્ટ કમિટીના ચેરમેનશ્રી જતીનભાઈ શાહ તથા નવ ઉદ્યોગસાહસિકો જોડાયેલ. આ મિટિંગમાં ભાવનગરના વિકાસને વિશેષ ગતિ મળે તેવી બાબતો જેવી કે દેવળા-ગુંદાળા બ્રિજ, ભાવનગર જીલ્લામાં કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબ તથા



વિહિકલ સ્ક્રેપયાર્ડની સ્થાપના, ભાવનગર એરપોર્ટ ઓથોરિટીના કલર કોડ ઝોનિંગ મેપનો રી-સર્વે, જેના કારણે ભાવનગરના ૯૦% એરિયામાં હાઈરાઈઝ બિલ્ડિંગનું નિર્માણ થઇ શકતું નથી. તેથી તેમાં સુધારા કરવા બાબત, ભાવનગર-મુંબઈ ફ્લાઈટનાં સમયમા ફેરફાર કરવા બાબત, ભાવનગર-બોટાદ રેલવેલાઈનના ઈલેક્ટ્રિફિકેશનનું કામ સત્વરે પૂર્ણ થાય તે બાબત, ભાવનગરને વિશેષ કનેક્ટિવિટી અને તેમાં પણ ખાસ કરીને સી-કનેક્ટિવિટીમાં વધારો થાય વગેરે બાબતો અંગે પોઈન્ટ-ટુ-પોઈન્ટ ચર્ચા કરવામાં આવેલ. આ મિટિંગમાં માનનીય મંત્રીશ્રી તથા શિપિંગ વિભાગના સચિવશ્રી સંજીવ રંજન અને એડિશનલ સેક્રેટરી શ્રી સંદીપ બંદોપાધ્યાય વગેરે ઉપસ્થિત રહેલ. આ તમામ બાબતોની ચર્ચામાં મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા તથા તેમના અધિકારીઓની ટીમ અને સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળનો અભિગમ ખૂબ જ સહકારભર્યો રહેલ. ભાવનગર જીલ્લાને કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવા માટેની વિગતવાર રજૂઆત કરેલ. કન્ટેનર મેન્યુફેક્ચરિંગનાં હબમાં બે મુખ્ય પ્રશ્નો, જેમાં સર્ટિફિકેશનની પ્રોસેસમાં IRSને સામેલ કરી વન-ટુ-વન પ્રશ્ન હલ કરશે, જ્યારે રો-મટીરિયલ માટે પણ કાર્ટન સ્ટીલ મેન્યુફેક્ચરર્સની સાથે મિનિસ્ટ્રીના માધ્યમથી કો-ઓર્ડિનેશન કરાવશે તેવું જણાવવામાં આવેલ. ભાવનગર ડિવિઝનના રેલવેના પ્રશ્નો તથા રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજની કામગીરી ઝડપથી થાય તે માટે સાંસદ શ્રીમતી ભારતીબહેન શિયાળ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આમ, ભાવનગરના વિકાસને લગતી દરેક બાબતોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

## ભાવનગર જિલ્લામાં કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબનાં નિર્માણ માટે સઘન પ્રયત્નો - તા. ૦૩-૦૪-૨૦૨૧





ચેમ્બર દ્વારા તા. ૦૩-૦૪-૨૦૨૧ના રોજ કેન્દ્રના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા ભાવનગરની મુલાકાતે આવેલ તે સમયે ભાવનગર જિલ્લામાં કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબની સ્થાપનાની દિશામાં અલગઅલગ રીતે પ્રયત્નો કરવામાં આવેલ.

કેન્દ્રના માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કન્ટેનર મેન્યુફેક્ચરિંગ કરી રહેલ ઉદ્યોગસાહસિકના એકમની રૂબરૂ મુલાકાત લઈ તેના તમામ પાસાંઓ અંગે તલસ્પર્શી માહિતી મેળવી એકમની કામગીરીથી મંત્રીશ્રીએ સંતોષની લાગણી વ્યક્ત કરેલ. આ ઉપરાંત કન્ટેનરનું ઉત્પાદન કરવા ઈચ્છતા નવ-ઉદ્યોગ સાહસિકો સાથે પણ માનનીય મંત્રીશ્રીએ રૂબરૂ મિટિંગ કરી, તેમની મુશ્કેલીઓ જાણી અને તે મુશ્કેલીઓ હલ થાય તે માટે સહિયારા પ્રયત્નો દ્વારા મુશ્કેલીઓના નિવારણ ઉપર ભાર મૂકેલ. માનનીય મંત્રીશ્રીએ જણાવેલ કે કન્ટેનરનું ઉત્પાદન થાય તો તે માટે મોટું માર્કેટ છે. તેથી ઉત્પાદન થયા પછી માર્કેટનો પ્રશ્ન નડશે નહિ. 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબનું નિર્માણ કરી તેને ભારત સરકારની પ્રોડક્શન ઈન્સેન્ટીવ સ્કીમ હેઠળ આવરી લેવાની વાત પણ મંત્રીશ્રી કરેલ. ટૂંકમાં ભાવનગર જિલ્લામાં કન્ટેનર મેન્યુફેક્ચરિંગ હબના નિર્માણ માટે સહિયારા પ્રયત્નો પરિણામલક્ષી બની રહેશે તેમ તેઓએ જણાવેલ.

માનનીય મંત્રીશ્રીની આ મુલાકાતમાં સૌરાષ્ટ્ર ચેમ્બરના પ્રમુખશ્રી કિરીટભાઈ સોની, ઉપપ્રમુખશ્રી તેજસભાઈ શેઠ માનદ્ મંત્રીઓશ્રી પ્રકાશભાઈ ગોરસિયા અને કેતનભાઈ મહેતા તથા માનદ્ ખજાનચી શ્રી કિશોરભાઈ ભાયાણી સાથે રહેલ.

## સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ટ્રસ્ટ દ્વારા શહેરના નાગરિકોની રોગપ્રતિકારકશક્તિ વધે તે માટે ઉકાળા કેન્દ્રનો પ્રારંભ - તા. ૨૩-૦૪-૨૦૨૧






તાજેતરમાં ચાલી રહેલ કોરોના મહામારી દરમિયાન નાગરિકોની રોગપ્રતિકારકશક્તિ વધે તે હેતુથી સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ટ્રસ્ટ દ્વારા આજથી સાગર કોમ્પ્લેક્સ જશોનાથચોક ખાતે વિનામૂલ્યે ઉકાળા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવેલ છે. આજે પ્રથમ દિવસે બહોળી સંખ્યામાં નગરજનોએ આ ઉકાળા કેન્દ્રનો લાભ લીધેલ અને પ્રથમ દિવસે ૪૦ લિટર ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ. આગામી દિવસોમાં પણ સવારનાં ૯-૦૦થી ઉકાળાનું વિતરણ સાગર કોમ્પ્લેક્સ, જશોનાથચોક ખાતે શરૂ રહેશે, જેનો બહોળી સંખ્યામા નાગરિકો લાભ લે તે માટે આયોજક બંને સંસ્થાઓ દ્વારા શહેરીજનોને અનુરોધ કરવામાં આવેલ છે.

## Junagadh Chamber of Commerce & Industry



ચેમ્બરના એસોસિયેશન સભ્યો અને અન્ય સભ્યો સાથે COVID-19 મહામારી અંગે વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ચેમ્બર દ્વારા આ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

## Shri Panchkuva Kapad Mahajan

### ૧૨૩ વર્ષના યશસ્વી ઈતિહાસનું વટવૃક્ષ એટલે..... શ્રી પાંચકુવા કાપડ મહાજન, અમદાવાદ

શ્રી પાંચકુવા કાપડ મહાજન, અમદાવાદની સ્થાપના ભારત દેશની આઝાદી પહેલાં એટલે કે વિક્રમ સંવત ૧૯૫૩-ઈ.સ. ૧૮૯૭માં મહાજનના પ્રથમ શેઠ સ્વ. શેઠશ્રી નેમચંદ દેવચંદ દ્વારા કરવામાં આવી. આ મહાજન આજે ૧૨૩ વર્ષનો સોનેરી ઈતિહાસ ધરાવતું, વિવિધ પ્રવૃત્તિઓ કરતું એક વટવૃક્ષ બની ગયું છે. અચરજની વાત એ છે કે આ મહાજનમાં ૧૨૩ વર્ષ દરમિયાન શેઠ/પ્રમુખની જવાબદારી નિભાવી હોય એવા ફક્ત ૧૧ મહાનુભાવો જ છે.




શ્રી પાંચકુવા કાપડ મહાજન, અમદાવાદની સ્થાપના મતાદારો અને તેમની સાથે વેપાર અંગેના સંબંધો ધરાવનારનાં હિત સચવાય તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે કરવામાં આવી હતી. આજે



આ મહાજન કેટકેટલીય માનવહિતાની પ્રવૃત્તિઓ કરે છે.

વેપારી સમાજમાં વેપારીઓ-સંગઠનનો વિકાસ થાય તે માટે મહાજન વેપારપ્રથાની શરૂઆત થઈ. વેપાર સંગીન સિદ્ધાંતો પર ચાલે તે જોવાની મહાજનની ફરજ છે. શ્રી પાંચકુવા કાપડ મહાજન, અમદાવાદે છેલ્લાં વર્ષોમાં વિશિષ્ટ સેવા ક્ષેત્રમાં કદમ માંડ્યાં છે. વિશ્વસનીય કામગીરી, કરકસરયુક્ત વહીવટ, મતાદારોને એકંદરે સાનુકૂળ લાભ તેમજ વેપારને લઈ ઉદ્ભવતા પ્રશ્નોનું નિરાકરણ અને નિકાલ દ્વારા લોકોના વિશ્વાસને પાત્ર બન્યું છે.

મહાજન વ્યવસ્થાના લાભ બજારમાં કામ કરતા ગુમાસ્તાભાઈઓ અને મજૂર ભાઈ-બહેનોના કલ્યાણ માટે વપરાય છે. તે માટે મહાજનની વ્યવસ્થાપક સમિતિએ મહાજનપ્રથા, મહાજન વ્યવસ્થાને વેપારલક્ષીની સાથે-સાથે સેવાલક્ષી, સમાજલક્ષી અને કલ્યાણલક્ષી બનાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. મહાજન સંસ્થાનાં વિવિધ કાર્ય નીચેનાં ટ્રસ્ટ્ર દ્વારા કરવામાં આવે છેઃ

**(૧) શ્રી પાંચકુવા કાપડ મહાજન કેળવણી ટ્રસ્ટ ફંડઃ**

વેપારી સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા, ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ કરવા અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી એ મહાજન કેળવણી ટ્રસ્ટ ફંડનો સ્વીકૃત ઉદ્દેશ પાર પાડવા ટ્રસ્ટ ફંડની સ્થાપના વર્ષ : ૧૯૫૨માં કરવામાં આવી. આ ટ્રસ્ટમાં નીચેની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મહાજનના મતાદારો, તેમના ગુમાસ્તા કે મજૂર ભાઈ-બહેનો તથા તેમનાં બાળકોને લાભ આપવામાં આવે છે.

૧) વિદ્યાર્થીઓને ફ્રી નોટબુક વિતરણ, ધો. ૫ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને ફ્રીની સહાય.

૨) વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને પુરસ્કાર, ઈનામ, શિષ્યવૃત્તિ શિક્ષણ ભેટ, ચાંદીની મુદ્રા આપી બિરદાવવામાં આવે છે.

૩) સદ્ભાવના કેળવણી ભેટ, શિક્ષણ કલ્યાણનિધિ કાર્યક્રમ વગેરે અન્વયે સહાય.

૪) વેપારી મતાદાર સભ્યો તથા તેમના ગુમાસ્તાભાઈઓ માટે વિશિષ્ટ તાલીમ લેવા કે ઉચ્ચ ટેકનિકલ તાલીમ માટે ફી સહાય.

૫) ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ થાય તે માટે મુલાકાત લઈ બનતી સહાય કરવી.

**(૨) શ્રી પાંચકુવા કાપડ મહાજન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટઃ**

સમાજ પ્રત્યેનું આપણું ઋણ ચૂકવવાના ઉદ્દેશથી મહાજનની વિવિધ પ્રવૃત્તિઓનો વ્યાપ વિકસાવવા આ ટ્રસ્ટની સ્થાપના વર્ષ ૧૯૬૯માં કરવામાં આવી. વેપારી, મતાદારો અને સમાજના દરેક વર્ગો લાભ લઈ શકે તે માટે પ્રજાકીય જવાબદારી સ્વીકારી મહાજન કાર્યો કરી રહ્યું છે અને તેમાં દાનવીર શ્રેષ્ઠીઓ દાન દ્વારા મહાજનનાં કાર્યને પ્રેરણારૂપ મદદ કરી રહ્યા છે. ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છેઃ

૧) મહાજનના અમૃત મહોત્સવ પ્રસંગે વર્ષ ૧૯૭૨માં "શાહ ચીનુભાઈ લલ્લુભાઈ અને અ.સૌ. લીલાવતીબહેન ચીનુભાઈ સાર્વજનિક દવાખાનું" શરૂ કરવામાં આવ્યુ, જેમાં નજીવા દરે કોઈ પણ જાતના ભેદભાવ વિના તબીબી તપાસ કરી દવા આપવામાં આવે છે.

૨) ગુમાસ્તાભાઈઓ તથા મજૂર ભાઈ-બહેનો માટે "અન્ન સહાય યોજના" અંતર્ગત ઘઉં-ચોખા જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુનું વિતરણ કરવામાં આવે છે.

૩) તહેવારો દરમિયાન ભારતીય સંસ્કૃતિને અનુરૂપ "માનવ રાહત યોજના" કાર્યક્રમ અન્વયે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જેવી કે તેલ-ઘી-ખાંડ વગેરેનું વિતરણ કરવામાં આવે છે.

૪) ગુમાસ્તાભાઈઓની એક પુત્રીના લગ્ન પ્રસંગે "મહાજન મામેરું યોજના" અન્વયે દીકરીની વિદાય પ્રસંગે મામેરામાં વાસણ આપવામાં આવે છે.

૫) લેબોરેટરી તપાસ માટે સહાય, ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોમાં તબીબી સાધન સહાય-દાન આપવામાં આવે છે.

૬) ગુમાસ્તાભાઈઓની પત્ની, મજૂર બહેનો માટે સમાજમાં બહેનોનું ગૌરવવંતું સ્થાન બને એ માટે વિવિધ સંસ્થાઓના સંપર્કમાં

રહીને માર્ગદર્શન મેળવવામાં આવે.

૭) કુદરતી આફત જેવી કે દુષ્કાળ, વાવાઝોડા, ધરતીકંપ વગેરે સંજોગોમાં મહાજન દુ:ખમાં સહભાગી બની સહાય કરે છે.

૮) આ સિવાય વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન કેમ્પ, બ્લડ ચેકઅપ કેમ્પ, પ્રજા જાગૃતિ અભિયાન વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(૩) **શ્રી પાંચકુવા કાપડ મહાજન ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ ફંડઃ**

મહાજન સંસ્થાના બંધારણમાં દર્શાવેલા ઉદ્દેશની પૂર્તિ માટે અને સામાજિક ક્ષેત્રે ધર્માદામાં ગણાતાં કામો દ્વારા મહાજનની બહાર પ્રતિષ્ઠા જળવાય તે કાર્યો કરવા અને કરાવવા માટે ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ ફંડની સ્થાપના કરવામાં આવી. ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ ફંડ દ્વારા નીચેની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છેઃ

૧) "તબીબી રાહત યોજના" અન્વયે મહાજન દ્વારા નક્કી થયેલ સરકારી હોસ્પિટલમાં દર્દી તરીકે સારવાર લેનારને નિયત મર્યાદામાં તબીબી સહાય આપવામાં આવે છે. ગુમાસ્તાભાઈનાં આશ્રિત માતા-પિતા, પુત્ર-પુત્રી તથા દાદા-દાદીનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૨) મતાદારોને સહાય કરવા, સાંસ્કૃતિક આનંદ સંમેલનો યોજી દાનવીર શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવે છે.

૩) મહાજનના મતાદારો દ્વારા વેચાણના વકરા ઉપર ભરવામાં આવતા લાગા તરીકેની રકમ ફક્ત અને ફક્ત ધાર્મિક હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ પાંજરાપોળ-સંસ્થાને દાન, ખોડા ઢોર જીવદયા સંસ્થાને દાન, પશુ-પક્ષીને ચણ, ઘાસચારો, પાણીના હવાડા વગેરે સેવા કરવામાં આવે છે.

૪) દેશભરના સાધુ-સંતો, આચાર્ય મહારાજ, ગૌરક્ષા તથા, જીવદયાનું કામ કરનાર અને સામાજિક ક્ષેત્રે નિઃસ્વાર્થ સેવાનું કામ કરનાર જીવદયાપ્રેમીનું સન્માન કરી અભિવાદન કરવામાં આવે છે.

૫) ગરીબ અને આર્થિક રીતે નબળા, વિધવા/ત્યકતા બહેનો, વૃદ્ધ સ્ત્રી/પુરુષો, દિવ્યાંગજનોને અનાજ તથા જીવનજરૂરી ચીજવસ્તુઓ અને દવાની મદદ કરવામાં આવે છે.

આવા વટવૃક્ષ સમાન શ્રી પાંચકુવા કાપડ મહાજનમાં હાલ ૧૪૦૦ જેટલા મતાદારો નોંધાયેલ છે. મહાજનના પ્રમુખપદે શ્રી કિરીટભાઈ નારણભાઈ પટેલ વર્ષ ૨૦૧૫-૧૬થી સતત કાર્યરત છે. મહાજનની સેવાકીય પ્રવૃત્તિઓ, વેપારીઓના પ્રશ્નોના નિરાકરણમાં, મતાદારોનાં હિતો, ગુમાસ્તાભાઈઓ/મજૂર ભાઈ-બહેનોના હિત માટે સતત આગળ આવીને કાર્ય કરે છે.

તાજેતરમાં કોરોનાકાળની કપરી પરિસ્થિતિમાં મહાજન દ્વારા દરેક ગુમાસ્તાભાઈઓને રોકડા રૂ. ૧૦૦૦/- અને મજૂરભાઈ-બહેનોના સીધા બેંક એકાઉન્ટમાં રૂ. ૮૦૦/- જમા કરાવી આશરે કુલ ૧૦ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી. ઉપરાંત મ્યુનિ. કોર્પોરેશનના સહયોગથી કોરોના રેપીડ ટેસ્ટ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા આવ્યા.

લોકડાઉન દરમિયાન માદરે વતન જતા શ્રમિકોને પોલીસ સ્ટેશનના પી.આઈ. અને તેમની ટીમ સાથે રહી મદદ કરવામાં આવી.

લોકડાઉન દરમિયાન પોલીસ ભાઈ-બહેનોએ કોરોના વોરિયર્સ તરીકે ખૂબ જ ઉમદા અને માનવતાવાદી કામગીરી તેમની કાયદાકીય ફરજની સાથે-સાથે બજાવેલ. તેમની આ કામગીરીને બિરદાવવા માટે કોરોના વોરિયર્સ તરીકે કાલુપુર પોલીસ સ્ટેશનના પી. આઈ. અને પોલીસ ભાઈ-બહેનોનું સન્માન સંસ્થાના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓ દ્વારા મોમેન્ટો આપી કરવામાં આવેલ.

સંસ્થા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષમાં આયોજિત કેમ્પમાં ૨૧૦ દાતાઓએ રકતદાન કરેલ.

આ ઉપરાંત મહાજન અને આચાર્ય તુલસી ડાયગ્નોસ્ટિક સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨ માર્ચ, ૨૦૨૧ના રોજ એક મેગા બ્લડ ચેક-અપ કેમ્પ રાખવામાં આવેલ, જેમાં સામાન્ય રીતે જે બ્લડ ચેકઅપ ફી રૂ. ૯૭૦/- થાય છે તે ફક્ત રૂ. ૪૯/- માં કરવામાં આવેલ, જેનો ૨૩૧ લાભાર્થીઓએ લાભ લીધેલ.

મહાજન દ્વારા વેપારીઓ શિસ્ત સાથે વેપાર કરી શકે તે માટે નીતિ-નિયમો બનાવવામાં આવ્યા છે, જેમાં ખાસ કરીને શૂટિંગ-શર્ટિંગ અને સાડીઓના હોલસેલ વેપારીઓ માટેની માર્ગદર્શિકા ખાસ ઉલ્લેખનીય છે.

તાજેતરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી નટુભાઈ એમ. પટેલના મુખ્ય મહેમાનપદે એક સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના શ્રી કે. આઈ.પટેલ (ઉપપ્રમુખશ્રી), શ્રી હેમંતભાઈ શાહ (સિનિયર ઉપપ્રમુખશ્રી), શ્રી પથિકભાઈ પટવારી (સેક્રેટરીશ્રી), શ્રી સચીનભાઈ પટેલ (ટ્રેઝરરશ્રી) તથા શ્રી ગૌરાંગભાઈ ભગત (પ્રમુખશ્રી, મસ્કતી અને ન્યુ ક્લોથ મહાજન)ને અતિથિવિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ વાર્ષિક સભા દરમિયાન સૌ મહાનુભાવો મહાજનના ઈતિહાસ અને કાર્યોથી પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે વર્ષ ૨૦૧૯-૨૦ માટે સૌથી વધુ લાગો ભરનાર ટોપ-૧૦ મતાદારશ્રીઓનું સન્માન ઉપસ્થિત મહેમાનશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

મહાજનનો સતત વિકાસ થાય એ માટે શ્રી કિરીટભાઈ પટેલ અને તેમની કારોબારી કમિટીના હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓ સતત પ્રયત્નશીલ રહે છે.

આવો ગૌરવવંતો ઈતિહાસ ધરાવતું મહાજન ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા.

# THE GREEN ENVIRONMENT SERVICES CO-OP. SOCIETY LTD. GIDC VATVA.



**Opening JUNE end**

New Fenton Catalytic Reactor System -an Advanced Oxidation Technology of 30 MLD capacity is being established for the first time in India for the treatment of wastewater to achieve highest standards of performance as per the Government Norms which will be in operation from June 2021.

---

**Regd. Office & CETP Site :**

Plot No. : 244-251, Phase : II, GIDC Estate, Vatva, Ahmedabad - 382445.

+91 79 2589 2283 I +91 98250 18947 I +91 75730 17676 I +91 75730 27676

info@gescsl.com I www. gescsl.com

**AN ISO 9001:2015 I ISO 14001:2015 I OHSAS 18001:2007 Certified Organization**

## CPI inflation falls to 4.3% in April 2021

According to The National Statistical Office (NSO), Ministry of Statistics and Programme Implementation (MoSPI), the CPI inflation has decreased to 4.3% in April 2021 as compared to the 5.5% in March 2021.

All India Inflation rates (on point to point basis i.e. current month over same month of last year, i.e. April 2021 over April 2020), based on General Indices and CFPIs are given as follows:

**All India Inflation Rates (%) based on CPI (General) and CFPI**

| Indices | March 2021 (Final) | | | April 2021 (Prov.) | | |
|---|---|---|---|---|---|---|
| | Rural | Urban | Combined | Rural | Urban | Combined |
| CPI (General) | 4.6 | 6.5 | 5.5 | 3.8 | 4.8 | 4.3 |
| CFPI | 3.9 | 6.6 | 4.9 | 1.5 | 3.2 | 2.0 |

Source: PHD Research Bureau, PHDCCI, compiled from MOSPI

The Price data are collected from representative and selected 1114 urban Markets and 1181 villages covering all States/UTs through personal visits by field staff of Field Operations Division of NSO, MoSPI on a weekly roster. During the month of April 2021, NSO collected prices from 99.1% villages and 97.4% urban Markets while the Market-wise prices reported therein were 84.6% for rural and 87.4% for urban.

**All India Consumer Price Indices and year-on-year Inflation rates (%) for April, 2021 (Provisional) (Base 2012=100)**

| Category | All India Consumer Price Indices and year-on-year Inflation rates (%) for March, 2021 (Provisional) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | Rural | | Urban | | Combined | |
| | April, 2021 Index (Prov.) | Inflation Rate (%) | April, 2021 (Prov.) | Inflation Rate (%) | April, 2021 Index (Prov.) | Inflation Rate (%) |
| Food and Beverages | 155.8 | 2.0 | 162.0 | 3.8 | 158.1 | 2.7 |
| Pan, tobacco and intoxicants | 186.9 | 9.2 | 194.0 | 8.3 | 188.8 | 9.0 |
| Clothing and Footwear | 159.9 | 4.4 | 153.4 | 2.0 | 157.3 | 3.5 |
| Housing | - | - | 161.4 | 3.7 | 161.4 | 3.7 |
| Fuel and Light | 156.0 | 5.1 | 154.7 | 12.8 | 155.5 | 7.9 |
| Miscellaneous | 158.1 | 6.5 | 150.7 | 5.8 | 154.5 | 6.2 |
| General Index (All Groups) | 157.7 | 3.8 | 158.1 | 4.8 | 157.9 | 4.3 |

Source: PHD Research Bureau, PHDCCI, compiled from MOSPI Note: CPI (Rural) for Housing is not compiled

**Courtesy: PHD Chamber of Commerce & Industry**

## Congratulation



*We congratulate our Executive Committee Member **Shri Jainik Vakil** (CA) for Appointment as Chairman of Revenue Committee of Ahmedabad Municipal Corporation.*

## Action Taken

- ગુજરાત ચેમ્બર દ્વારા વર્ષ ૨૦૧૭માં ગુજરાત યુનિવર્સિટીના ડિફેન્સ અને હોમલેન્ડ સિક્યુરિટી રિસર્ચ સેલ સાથે એક MoU કરવામાં આવેલ. આ અનુસંધાને આ વર્ષે આ પહેલને આગળ વધારવા થયેલ પ્રયત્નોના ભાગરૂપે ચેમ્બરના સિનિયર ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ શાહની Institute of Defence Studies and Research (IDSR)ના બોર્ડમાં સભ્ય તરીકે નિમણૂક થયેલ છે.

- ચેમ્બરના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ જગ્યા VFSને Photo Booth તરીકે ભાડે આપેલ છે તેનો એગ્રીમેન્ટ પૂર્ણ થાય છે તેને રિન્યૂ કરવા માટેની ચર્ચા અગાઉ કારોબારી સમિતિમાં થઈ હતી. આ અંગે ની વિગતો એમ્પાવર્ડ એપેક્ષ કમિટીને મંજૂરી માટે મોકલેલ છે.

- ઘણા કારોબારી સભ્યો દ્વારા COVID-19 વેક્સિનેશનને વધુ ઝડપી બનાવવા રજૂઆત કરવા અને તે અંગેનાં પગલાં લેવા સૂચન કરવામાં આવ્યું હતું. તે અનુસંધાને GCCI દ્વારા સરકારશ્રીને રજૂઆત કરવામાં આવેલ અને ચેમ્બર ખાતે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન સાથે તા. ૦૨-૦૩-૨૦૨૧થી ચેમ્બરના સભ્યો માટે વેક્સિનેશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી.

- ઉપસ્થિત સભ્ય દ્વારા ઓગસ્ટ માસ પછી જે નવા સભ્યો બને છે તેમને એક જ વર્ષમાં ફરી રિન્યૂઅલ ફી ભરવી પડે છે તે પ્રશ્ન અંગે ચર્ચા થયેલ હતી અને બંધારણના સૂચિત સુધારામાં તેનો સમાવેશ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. બંધારણ મુજબ ફી નક્કી કરવાની કારોબારીને સત્તા હોવાથી હવે પછીની કારોબારી સમિતિમાં આ મુદ્દો મૂકવામાં આવશે.

- તા. ૩૦-૦૩-૨૦૨૧ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગના ઠરાવ નં. (૩) પ્રમાણે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અસાધારણ સામાન્ય સભા (EGM) તા. ૧૭-૦૪-૨૦૨૧ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે યોજવામાં આવી હતી, પરંતુ પ્રવર્તમાન COVID-19ના સંજોગોને ધ્યાનમાં લેતાં તથા આ અંગેની ગુજરાત સરકારની ગાઈડલાઈનને અનુસરી આ સભા મુલતવી રાખવામાં આવેલ છે. અનુકૂળ સંજોગો થતાં આ સભા યોજવામાં આવશે, જેની જાણ SMS અને E-MAILથી કરવામાં આવશે.

- સુધારેલ ADRC FEES Structureને MSME કમિશનર અને પેનલ પરના જજીસ/વકીલ વગેરેને પરિચાલિત કરવામાં આવેલ છે.

- LxS Foundation દ્વારા Self Sustainable Model CSR અંતર્ગત Girls Innovation Centreના Restorationના કાર્યમાં પ્રવર્તમાન સંજોગોમાં આગળ વધી શકાયું નથી. સંજોગો અનુકૂળ થતાં તેની જાણ કરવામાં આવશે.

## *Representations*

- વેપાર-ઉદ્યોગ માટે કાયદાકીય અને વહીવટી નિયમોને ઘટાડવા અંગે iNDEXTbનાં મેનેજિંગ ડિરેક્ટર મિસ. નીલમ રાનીને મોકલાવેલ સૂચનો (તા.૧૨-૦૨-૨૦૨૧)
- પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ ઉત્પાદિત કરતા એકમો પર EPR નિયમોના અમલીકરણ બાબતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન શ્રી સંજીવ કુમારને પાઠવેલ રજૂઆત (તા.૧૫-૦૨-૨૦૨૧)
- મ્યુનિસિપલ શાળાઓના શિક્ષકોની શિક્ષણ પ્રણાલીને વધુ અસરકારક બનાવવા તેમજ વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટેની GCCI દ્વારા કરી શકાય તેવી પ્રવૃત્તિઓ અંગે અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી મુકેશ કુમારને પાઠવેલ સૂચનો (તા.૧૬-૦૨-૨૦૨૧)
- ગુજરાત રાજ્યમાં COVID-19 અંગેના રસીકરણના કાર્યક્રમને વધુ ઝડપી બનાવવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલને મોકલાવેલ રજૂઆત (તા.૨૦-૦૨-૨૦૨૧)
- કેમિકલ ઉદ્યોગના પ્રશ્નો અંગે ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તાને પાઠવેલ સંકલન (તા.૨૪-૦૨-૨૦૨૧)
- કેટેગરી D(9) અંતર્ગત FSIનો દર ન ઘટાડવા અને તેને અગાઉ પ્રમાણે ૧.૬ જ રાખવા બાબતે GIDCના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એમ. થેન્નારસનને મોકલાવેલ પત્ર (તા. ૦૧-૦૩-૨૦૨૧)
- ઊર્જા ક્ષેત્ર અંગેના મુદ્દાઓ બાબતે ગુજરાત રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ મિસ. સુનયના તોમરને મોકલાવેલ સંકલન (તા. ૦૨-૦૩-૨૦૨૧)
- પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ ઉત્પાદિત કરતા એકમો પર EPR નિયમોના અમલીકરણ બાબતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મેમ્બર સેક્રેટરી શ્રી એ.વી. શાહને પાઠવેલ રજૂઆત (તા. ૦૭-૦૩-૨૦૨૧)
- નરોડા જી.આઈ.ડી.સી.માં ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝના પ્લોટના ટ્રાન્સફર અંગે GIDCના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એમ. થેન્નારસનને પાઠવેલ પત્ર (તા. ૧૩-૦૩-૨૦૨૧)
- ગુજરાતના ઉદ્યોગોને લગતા મુખ્ય મુદ્દાઓ અંગે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમને પાઠવેલ સંકલન (તા. ૧૫-૦૩-૨૦૨૧)
- મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ સાથે થયેલ મિટિંગમાં ચર્ચાયેલ ઉદ્યોગોના મુદ્દાઓ અંગે મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ તેમજ ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તાને પાઠવેલ પત્ર (તા. ૧૮-૦૩-૨૦૨૧)
- રિયલ એસ્ટેટ ક્ષેત્રના મુદ્દાઓ અંગે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરીને પાઠવેલ રજૂઆત (તા.૨૩-૦૩-૨૦૨૧)
- સહકારી મંડળી/સંસ્થાઓ હસ્તકની ખેતીની જમીનોના સક્ષમ ઉપયોગ સારું બિનખેતી હેતુફેરની પરવાનગી આપવા અંગે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને કરેલ રજૂઆત (તા.૨૭-૩-૨૦૨૧)
- ગુજરાતના ઉદ્યોગો ને લગતા મુદ્દાઓ અને આત્મનિર્ભર ભારતને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા અંગે અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસને પાઠવેલ રજૂઆત (તા.૦૩-૪-૨૦૨૧)
- ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના પ્રશ્નો અંગે સેક્રેટરી (એક્સપેન્ડિચર) અને ડિરેક્ટર, GWILને પાઠવેલ રજૂઆત (તા.૦૫-૦૪-૨૦૨૧)
- ગુજરાતના વેપાર અને ઉદ્યોગોના પ્રશ્નો અંગે BJP, પ્રેસિડેન્ટ શ્રી સી.આર. પાટીલ ને પાઠવેલ રજૂઆત (તા.૬-૪-૨૦૨૧)
- રાત્રિ કરફ્યુના સમયમાં કામદારોને કંપની આઈ.ડી. પર અવર- જવર માં છૂટ આપવા અંગે ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજાને પાઠવેલ રજૂઆત (તા.૭-૪-૨૦૨૧)
- ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીના પ્રશ્નો અને ગુજરાત ટેક્સટાઈલ પોલિસી માટેનાં સૂચનો અંગે ચેરમેન, સ્ટેટ લેવલ એપ્રૂવલ કમિટીને પાઠવેલ રજૂઆત (તા.૮-૪-૨૦૨૧)
- ગુજરાતમાં સ્પાઈસીસ ઈન્ડસ્ટ્રીની નિકાસને વેગ આપવા માટે શ્રી રામન્ના, ડેપ્યુટી જનરલ, સ્પાઈસીસ રીજનલ ઓફિસને કરેલ રજૂઆત (તા.૧૦-૪-૨૦૨૧)
- હાલના કરફ્યુના સમયમાં હોટલ અને રેસ્ટોરન્ટને હોમ ડિલિવરી માટે ૧૦ વાગ્યા સુધીનો સમય કરી આપવા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને રજૂઆત (તા.૧૪-૪-૨૦૨૧)
- ફૂડ ઈન્ડસ્ટ્રીનાં ઓનલાઈન ફોર્મ અને લાઈસન્સ રિન્યૂ કરવાની તારીખ લંબાવાના મુદ્દા અંગે મિસ. રીટા તેવતિયા, ચેરપર્સન FSSAI ને રજૂઆત (ત.૧૪-૪-૨૦૨૧)
- રિટર્ન ફાઈલ કરવાની અને ટેક્સ ભરવાની મુદત વધારવા અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી TDS/TCS દર ૨૫ ટકા ઘટાડવા કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજીને પાઠવેલ રજૂઆત (તા.૨૦-૪-૨૦૨૧)
- ટેક્સની ચુકવણી અને વળતર ફાઈલ કરવા સહિત જીએસટી પાલન માટે સમયમર્યાદા વધારવા માનનીય કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજીને પાઠવેલ રજૂઆત (તા.૨૧-૪-૨૦૨૧)


Now GCCI members can avail
in-principle approval of
MUDRA / MSME Loans
(Working Capital,Term Loan)
up to Rs. 5 crore in just 59 minutes
from all leading banks
www.psbloansin59minutes.com/gcci
SMART, EASY & FAST PROCESS
GST
GST Identification Number
XML
Income tax returns in XML format
Bank statement for last six months in pdf format
Director/Owners details: Basic, Personal, Educational & ownership details
Inprinciple approval in 59 minutes
PSB LOANS in 59 MINUTES .com
psbloansin 59 minutes.com®
Call: 079-41055999 | Email: support@psbloansin59minutes.com
we are always here to help you!

torrent
GROUP

Focused on Healthcare, Power and Gas –
necessities without which modern life is unimaginable.



torrent PHARMA
torrent POWER
torrent GAS

# CIMS HOSPITAL













## CIMS EAST HOSPITAL (NON-COVID)

AHMEDABAD

A Safe, Separate Building
3,00,000 Sq.ft and Massive Basements
Over 3.5 Acres

**24X7 DESTINATION FOR ALL MULTI-SPECIALITY SERVICES**




**GOLD SEAL OF QUALITY CARE**
**JOINT COMMISSION INTERNATIONAL (JCI) - USA**
**ACCREDITED ONLY MULTI-SPECIALTY HOSPITAL IN AHMEDABAD CITY**

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

**CIMS Hospital**
Off Science City Road, Sola, Ahmedabad - 380060
Ph.: +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770
Email: info@cims.org | www.cims.org

JCI (USA) | NABH | NABL Certificate No. MC-3049 | ACC International Centers Of Excellence

AMBULANCE : +91-98 24 45 00 00 | EMERGENCY : +91-97 23 45 00 00 | 24 X 7 MEDICAL HELP LINE +91-70 69 00 00 00

www.printvision.in